# ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ઉચ્ચક્રમ મેળવતા સફાઈ કામદારોનાં બાળકોને ઈનામ આપવાની યોજના

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ઉચ્ચક્રમ મેળવતા સફાઇ કામદારોના બાળકોને ઇનામ આપવાની યોજના બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૨૦૧૨/ન.બા.30/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૪/૫/૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૧૯/૧૨/૨૦૧૨નો
પત્ર ક્રમાંક: અજાક-૭.૧-૨૦૧૨-૫૯૭૮ થી ૮૦.

ઠ રા વઃ-

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના સફાઇ કામદારોના બાળકો અને આશ્રિતોના શૈક્ષણિક વિકાસમાં પ્રોત્સાહન આપવાના હેતુસર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ઉચ્ચ ક્રમ મેળવતા સફાઇ કામદારોના બાળકોને પ્રોત્સાહન રૂપે ઇનામ આપવાની યોજના વર્ષ ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત નવી બાબત રૂ.૨.૨૦ લાખને વર્ષ ૨૦૧૩-૧૪ થી નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) ધોરણ-૧૦ ની એસ.એસ.સી.બોર્ડ અને ધોરણ-૧૨ ની એચ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ ક્રમ મેળવીને પાસ થયેલ સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના બાળકોને શૈક્ષણિક વિકાસમાં પ્રોત્સાહન મળે તે હેતુથી સહાય આપવામાં આવશે.

(૨) ધોરણ-૧૦ માં પ્રથમ ક્રમે આવનારને રૂ.૪૧,૦૦૦/- બીજા ક્રમે આવનારને રૂ.૨૧,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને રૂ.૧૧,૦૦૦/- રોકડ રકમ અને પ્રશસ્તિપત્ર.

(૩) ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહ) માં પ્રથમ ક્રમે આવનારને રૂ.૩૧,૦૦૦/- બીજા ક્રમે આવનારને રૂ.૨૧,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને રૂ.૧૧,૦૦૦/- રોકડ રકમ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવશે.

(૪) આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રહેશે નહિ.

(૫) આ યોજના શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ થી અમલ કરવાનો રહેશે.

(૬) દર વર્ષે માર્ચ/એપ્રિલમાં લેવામાં આવેલ એસ.એસ.સી.બોર્ડ અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને જ લાગુ પડશે.

(૭) આ યોજનામાં અરજીઓ મેળવવા માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ નું પરિણામ પ્રસિધ્ધ થયા પછી દૈનિકપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરી દિન-૧૫ સુધીમાં આર.પી.એ.ડી.થી પુરાવા સાથે અરજીઓ મેળવવાની રહેશે.

(૮) વર્ષ ૨૦૧૩-૧૪ ની બજેટ જોગવાઇની અધીન રહીને નાણાં વિભાગની વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૯) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય, તે હેતુ માટેજ ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) આ અંગેનુ ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા-ધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો પરત કરવાની રહેશે.

(૧૨) શિક્ષણ વિભાગની કે અન્ય વિભાગની આ સંદર્ભની કોઇ યોજના સાથે આ યોજના બેવડાય નહિ તેની અમલ કર્તાએ કાળજી રાખવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, સેકટર(ખ) સામાજીક સેવાઓ, પેટા સેકટર-ચ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ -મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ - પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ- ગૌણ સદર-૧૦૨- આર્થિક વિકાસ- પેટા સદર-૧૧- બીસીકે-૭૫ – સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહ) માં અભ્યાસ કરતા સફાઇ કામદારના સફળ બાળકોને એવોર્ડ આપવા બાબત -અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૪-૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

મહામહીમ રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઇલ.